ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૮/૧૨/૨૦૧૮

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

# ઈફેકટીવ અને એકસ્ટ્રાઓર્ડીનરી થવા માટે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી મહેનત કરવી જ પડશે : શ્રી અમીન વિરાણી

## ચેમ્બરમાં 'બીઈંગ ઈફેકટીવ – બી એકસ્ટ્રાઓર્ડીનરી' વિષય ઉપર સેશન યોજાયુ

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૭ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ 'બીઈંગ ઇફેકટીવ – બી એકસ્ટ્રાઓર્ડીનરી' વિષય ઉપર સેશન યોજાયુ હતુ. જેમાં વકતા તરીકે કેનેડાની મેરીટ ઈન્ટરનેશનલના ડિરેકટર શ્રી અમીન વિરાણીએ બિઝનેસમેનોને જણાવ્યુ હતુ કે પર્સનલ જીવનમાં તેમજ બિઝનેસમાં ઇફેકટીવ અને એકસ્ટ્રાઓર્ડીનરી થવા માટે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી મહેનત કરવી પડશે. જીવનમાં પોતાના પ્રત્યેની હકીકત સ્વીકારવાની હિંમત કેળવવી પડશે. લોકો હકીકતને કારણે નહી પણ હકીકતને સમજવા માટે પોતે જે મતલબ કાઢે છે તેને કારણે દુ:ખી થતા હોય છે એવું તેમણે જણાવ્યુ હતુ.

ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ વકતાશ્રી તેમજ બિઝનેસમેનોને આવકારી પ્રારંભીક ઉદ્દ્બોધન રજૂ કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે, અત્યારના સમાજમાં પોતે અસરકારક હોવું જરૂરી છે. ચેમ્બરની ભૂમિકા પણ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીને આગળ લઇ જવા માટે મહત્વની રહી છે. જેના ભાગરૂપે આજે બિઝનેસમેનો માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વકતા તરીકે શ્રી અમીન વિરાણી જીવનમાં આગળ વધવા માટે મહત્વનું માર્ગદર્શન આપશે.

શ્રી અમીન વિરાણીએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, સફળતા બધાને જોઇએ છે પણ તેની સાથે સાથે સુખ પણ જોઇએ છે. બિઝનેસમેનો માટે કહીશ કે તેઓ બિઝનેસ કરે છે ત્યારે મે કઈ વેચ્યુ એવું પોતાને લાગવા કરતા

સામે ખરીદનારને એવુ લાગવુ જોઇએ કે મે કઈ ખરીદ્યુ. કોઇપણ બિઝનેસમેન અને નોકરીયાત વર્ગ એવુ ઇચ્છતો હોય છે કે જીવનમાં ખૂબ આગળ વધવુ છે અને ઇનસિક્યોરિટી ચાલી જાય. પણ તમે અંગત જીવનમાં પરીવર્તન લાવશો નહી ત્યાં સુધી બિઝનેસમાં પણ પરીવર્તન આવી શકશે નહી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આપણે જીવનમાં જે ધારીએ તે કરી શકીએ છીએ. પણ જીવનમાં કઈ કરી શકવા માટે અથવા તો ઇચ્છીએ તે બનતા પહેલાં એવી દુવિધા આવે ત્યારે આપણે એડજસ્ટમેન્ટ કરી લઈએ છીએ. તે સમયે આપણી પાસે બે ઓપ્શન હોય છે, જેમાંથી એકને આપણે સ્વીકારીએ લઇએ છે અને બીજાને છોડી દઇએ છે. બિઝનેસમાં પણ ઘણા લોકો એવું કરે છે કે બિઝનેસમાં ખૂબ આગળ વધી જાય છે પણ પરિવારને પડતા મુકી દે છે. મોટાભાગે લોકો પોતાની જાત સાથે જ ખોટું બોલે છે. કારણ કે તેઓને મહેનત કરવી નથી.

શ્રી વિરાણીએ કહયુ કે, જો જીવનમાં ઇફેકટીવ અને એકસ્ટ્રાઓર્ડીનરી બનવું હોય તો મહેનત કરવી જ પડશે. બિઝનેસની સાથે સાથે પરીવારને સાચવવા માટે કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને વધુ મહેનત કરવી પડશે. આના માટે તેમણે બિઝનેસમેનોને ખૂબ જ સરસ દાખલો આપ્યો હતો. તેમણે કહયુ હતુ કે એક વખત શિષ્યએ ગુરુને સવાલ પુછયો કે હું પાણીમાં (ગુરુ–શિષ્ય નદીકિનારે બેસેલા હતા) કુદીશ તો ડુબી જઇશ? ગુરુએ શિષ્યને ખૂબ સુંદર જવાબ આપ્યો. જવાબ એ હતો કે, પાણીમાં કુદીશ એટલે નહી પણ પાણીમાંથી બહાર નહી નીકળીશ તો ડુબી જઇશ.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, બિઝનેસમાં લોકો ઘણી વખત નિષ્ફળ જાય છે. આથી તેમના મનમાં ડર બેસી જાય છે. આ ડરને તમારા મનમાંથી કાઢવાની જરૂર છે. જીવનમાં પણ એક વખત, બે વખત કે દસ વખત નિષ્ફળ થયા હશો કે પરીક્ષામાં નાપાસ થયા હશો પણ તેના કારણે સફળ થવા માટે ફરીથી ઉભા થવાનું છોડી દેશો નહી. કારણ કે નિષ્ફળતા બાદ જ સફળતા મળે છે. આપણા જીવનમાં બનતી ઘટનાઓ તેમજ આપણી સાથે સંકળાયેલા સત્યને પણ સ્વીકારવાની હિંમત કેળવવી પડશે. આપણે હકીકતને કારણે નહી પણ તેને સમજવા માટે જે મતલબ કાઢીએ છીએ તેને કારણે મોટાભાગે દુ:ખી થતા હોઇએ છે. હમેશા ‘કન્ટેન્ટ’ પર નહી પણ ‘કોન્ટેક્ષ્ટ’ પર જાવ. જીવનમાં તમે ડિસાઇડ નહી કરો ચોઇસ કરો.

સેશનમાં ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ સીએ પી.એમ. શાહ, માનદ્ મંત્રી શ્રી વિજય મેવાવાલા અને ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી બિજલ જરીવાલાએ પ્રાસંગિક વિધીઓ કરી હતી. ચેમ્બરની પ્લાસ્ટીક એન્ડ પેકેજિંગ કમિટીના ચેમ્બર શ્રી કિશોર વાઘાણીએ તમામનો આભાર માની સેશનનું સમાપન કર્યુ હતુ.